# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૪૦૮-૧૦ તારીખ : ૧૮ - ૦૧ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ભરતભાઈ એમ. પટેલ
"સત્યમ" ન્યુ કોલેજવાડી-૩, પ્રીમીયમ પેલેસ સામે, કાલાવડ રોડ, પંજાબ હોન્ડા શો રૂમની પાછળ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૯૮૨૫૬૧૦૮૩૦

વિષય : નવા ઔદ્યોગિક જોડાણ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૩૦-૧૧-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૩/૨૧-૨૨/ 408-10 તા. 18-01-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG-૧૨/ક્વા-૩/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : ભરતભાઈ એમ. પટેલ ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : ખોખડદળ |
| રજૂઆત કરનાર | : અરજદાર ભરતભાઈ એમ. પટેલ તથા સુરેશભાઈ પી. ગડારા હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –રાજકોટશહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માંકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી શહેર-૩ રાજકોટ તથા શ્રી જે.વી.ગરાણીયા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી ખોખડદળ હાજર રહેલ. |

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા
૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Grievance Redressal P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૭-૦૧-૨૦૨૨(શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭-૦૧-૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા તા.૧૧.૧૧.૨૦૨૧ ગુરુવારના રોજ ઉપરોક્ત સરનામા પર ૧૦૦ KW નું ઔદ્યોગિક વીજ જોડાણ મેળવવા માટે ખોખડદળ પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ છે. પરંતુ સદર અરજદારને આજ દિન સુધી વીજજોડાણ મળેલ નથી. મારુતિ ઇન્ડસ્ટ્રીઝ ઝોન માં બધાને વીજજોડાણ આપેલ છે તો તે મુજબ વહેલી તકે વીજ જોડાણ આપવા અરજદારે રજૂઆત કરેલ છે. વધુમાં અરજદાર દ્વારા તેના ઉદ્યોગ માટે મશીનરી ખરીદ કરી લીધેલ છે તેમજ લોન પણ શરૂ હોય વ્યાજ ચડત છે

જેથી અરજદારને વહેલામાં વહેલી તકે સદર વીજજોડાણ મળી જાય તે માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી દ્વારા સદર પ્લોટ શ્રી વિપુલભાઈ મનજીભાઈ ગડારા પાસેથી રાજકોટ શહેરના રેવન્યુ સર્વે ક્રમ ૨૪૪/૧, ૨૪૪/૧-૨ તથા ૨૪૪/3 પૈકીની જમીનમાં આવેલ શ્રી મારુતિ ઈન્ડ એસ્ટેટ (સૂચિત) રાજકોટના પ્લોટ પૈકી પ્લોટ નં.૭૩ વેચાણ કરારથી લીધેલ છે.

૩.૧ સદર જમીનના ૭/૧૨ તથા ૮-અ ગામ નમુનાની વિગત ચકાસતા સદર ગામ નમુના નંબર ૮-અમાં સદર જમીન સરકાર યુ.એલ.સી. ખાતે બોલે છે. તેમજ સદર સર્વે નંબર-પૈકી ૨૪૪/3 ગામ નમુનો નંબર-૭ મુજબ સદર સર્વે નંબર સરકારી પડતર છે અને શ્રી સરકાર યુ.એલ.સી. હસ્તક બોલે છે.

૩.૨ વધુમાં, હાલના રાજકોટ-૬૯ના પ્રવર્તમાન ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા મેનેજીંગ ડીરેક્ટર, પીજીવીસીએલને સંબોધીને પીજીવીસીએલ દ્વારા સરકારી ખરાબામાં અપાયેલ વીજ જોડાણોની વિગતો આપવી અને પીજીવીસીએલ દ્વારા વીજ કનેક્શન અપાયેલ છે તો તે માટે પીજીવીસીએલ દ્વારા સંલગ્ન અધિકારી સામે લેવામાં આવેલ પગલા બાબતની ફરિયાદ/માહિતી માંગવામાં આવેલ છે. જે પત્રની નકલ તથા અરજદાર દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ફોરમ સમક્ષ રજુ કરેલ છે. અરજદારશ્રીના જગ્યાની માલિકીના હક્ક અંતર્ગત ૭/૧૨ (રે.સ.નંબર ૨૪૪/3)માં સરકારી યુ.એલ.સી.નો ઉલ્લેખ હોય, તેઓની અરજી ખોખડદડ પેટા વિભાગીય કચેરી દ્વારા દફતરે કરેલ છે.

P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ભરતભાઈ મનજીભાઈ ગડારા દ્વારા રજુ કરેલ A-૧ ફોર્મ મુજબ તા.૨૮.૦૯.૨૦૨૧ ના રોજ ઓનલાઈન અરજી નં. ૩૯૮૯૧ થી ઔદ્યોગિક વપરાશ માટે રાજકોટ શહેરના રેવન્યુ સર્વે ક્રમ ૨૪૪/૧, ૨૪૪/૧-૨ તથા ૨૪૪/3 પૈકીની જમીનમાં આવેલ શ્રી મારુતિ ઈન્ડ એસ્ટેટ (સૂચિત) રાજકોટના પ્લોટ પૈકી પ્લોટ નં.૭૩ પર ૧૦૦ KW નું ઓદ્યોગિક વીજ જોડાણ મેળવવા માટે ખોખડદળ પેટા વિભાગીય ખાતે અરજી કરેલ છે. પરંતુ સદર અરજદારને આજ દિન સુધી વીજજોડાણ મળેલ નથી. વધુમાં અરજદાર દ્વારા તેના ઉદ્યોગ માટે મશીનરી ખરીદ કરી લીધેલ છે તેમજ લોન પણ શરુ હોય વ્યાજ ચડત છે જેથી અરજદારને વહેલામાં વહેલી તકે સદર વીજજોડાણ મળી જાય તે માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૨ સદર અરજીના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી દ્વારા સદર પ્લોટ શ્રી વિપુલભાઈ મનજીભાઈ ગડારા પાસેથી રાજકોટ શહેરના રેવન્યુ સર્વે ક્રમ ૨૪૪/૧, ૨૪૪/૧-૨ તથા ૨૪૪/3 પૈકીની જમીનમાં આવેલ શ્રી મારુતિ ઈન્ડ એસ્ટેટ (સૂચિત) રાજકોટના પ્લોટ પૈકી પ્લોટ નં.૭૩ રૂ.૩૦૦/- ના નોન-જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ વેચાણ કરારથી લીધેલ છે.

૪.3 સદર રે.સ. ૨૪૪/3 જમીનના ૭/૧૨ તથા ૮-અ ગામ નમુનાની વિગત ચકાસતા સદર સર્વે નંબરની જમીન સરકારી પડતર છે અને શ્રી સરકાર યુ.એલ.સી. હસ્તક બોલે છે.

૪.૪ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા તેમજ સદર જગ્યાના પુરાવાઓનો અભ્યાસ કરતા સદર જગ્યા સરકારશ્રી હસ્તક હોવાનું માલુમ પડેલ છે. આ સંજોગોમાં અરજદાર દ્વારા વીજ જોડાણની માંગણી વાળી જગ્યા તેઓની સ્વતંત્ર માલિકીની હોય તેમ સ્પષ્ટ થતું નથી જેથી પી.જી.વી.સી.એલ. પક્ષકારને સદર રજૂઆતના અનુસંધાને અરજદારને સવાલવાળી જમીનની માલિકી અંગેના સ્પષ્ટ પુરાવાઓ રજુ કરવા માટે ૧૦ દિવસની સમયમર્યાદા આપવા સુચના આપવામાં આવે છે. તેમજ અરજદાર દ્વારા નામદાર GERCના સપ્લાય કોડ નોટિફિકેશન નં. ૦૪/૨૦૧૫ ના નિયમ નં. ૪.૧૬ થી ૪.૨૦ મુજબ યોગ્ય પુરાવાઓ રજુ થયે વીજજોડાણ મેળવવાની અરજી અંગેની નિયમાનુસાર કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ ની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi.

(એન.એચ.જોષી)

સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)

ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લૉક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot